**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

B/107, Harmu Housing Colony, P. O. Doranda,
P. S. Argora, Ranchi - 834 012
Ph. : 0651-2244144

**અખબારી યાદી**

## સાંસદ શ્રી નથવાણીજીએ એરલાઇન્સોના મનસ્વી વલણ સામે કડક પગલાં લેવા માગણી કરી

## નાગરિક ઉડ્ડયન મંત્રીને લખેલો પત્ર

**ફેબ્રુઆરી ૨૨, ૨૦૧૨ :** *તાજેતરમાં કિંગ ફિશર એરલાઈન્સનાં ઉડ્ડયનો ધડા ધડ રદ થવા લાગ્યાં તેના પગલે વિમાન યાત્રાના ભાડાંમાં ભારે વધારો થવાથી પ્રવાસીઓએ ભારે મુશ્કેલી ભોગવી. એરલાઈન્સ કંપનીઓ ભાડાંમાં વાજબી વધારો કરી શકે છે પરંતુ તેમને પ્રવાસીઓની મજબૂરીનો ફાયદો લેવા ન દેવો જોઈએ. ડીરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશને આવી એરલાઈન્સ કંપનીઓના મનસ્વી વલણ સામે કડક પગલાં ભરવાં જોઈએ.*

*ઝારખંડના રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી અજીત સિંહને એક પત્ર પાઠવી ભારતીય આકાશમાં તાજેતરમાં સર્જાયેલી અભૂતપૂર્વ અંધાધુંધી વચ્ચે એરલાઈન્સ કંપનીઓ દ્વારા પ્રવાસીઓની મજબૂરીના લેવાયેલા ગેરલાભ માટે રોષ દર્શાવ્યો. તેમણે પત્રમાં જણાવ્યું કે નાગરિક ઉડ્ડયન રેગ્યુલેટર દ્વારા ચેતવણી છતાં મુખ્ય માર્ગો ઉપર ભાડાં બમણાં કરી દેવામાં આવ્યાં જેથી પ્રવાસીઓને મુશ્કેલી પડી. તેમણે પત્રમાં એમ પણ જણાવ્યું કે કિંગ ફિશર એરલાઈન્સનાં ઉડ્ડયનો જ્યારથી રદ થવા માંડ્યાં ત્યારથી ઓછા ભાડાંની ટિકિટો મળવાનું પણ બંધ થઈ ગયું.*

*શ્રી નથવાણીએ પત્રમાં જણાવ્યું કે કિંગ ફિશર એરલાઈન્સનાં ઉડ્ડયનો અનિયમિત અને રદ થવાને કારણે પ્રવાસીઓને તેમના પ્રવાસોમાં મુશ્કેલી સર્જાઈ અને હવાઈ ભાડાં આસમાને પહોચ્યાં. અન્ય એરલાઈન્સ કંપનીઓને આ તકનો ગેરલાભ ન લેવાની ચેતવણી છતાં તેઓએ અયોગ્ય રીતે ભાડામાં વધારો કર્યો; તેમ પણ તેમણે ઉમેર્યું.*

*શ્રી નથવાણીએ માંગ કરી કે આ કંપનીઓ ઉપર નિયંત્રણ અને દેખરેખની પ્રણાલી એવી રીતે સુધારવામાં આવે કે જેથી કંપનીઓ આ પ્રકારનું વલણ ન અપનાવે અને તહેવારો અને રજાઓના દિવસોમાં પ્રવાસીઓ પાસેથી મનસ્વી ભાડાં ન ઉઘરાવે. તેમણે આ બાબતમાં ડીરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશનની કડક મધ્યસ્થીની માગ કરી અને એરલાઈન્સ કંપનીઓ હવાઈ યાત્રિકોની મુશ્કેલી વધારતી પરિસ્થિતિનો ગેરલાભ લેતી બંધ થાય તેવાં સુધારાત્મક પગલાં લેવા માગણી કરી.*

*તેમણે આ મુશ્કેલીના ત્વરીત ઉકેલ માટે પગલાં લેવા મંત્રીશ્રીને વિનંતી કરી કે જેથી ભાડાં વાજબી બને અને પ્રવાસીઓની મુશ્કેલી ઓછી થાય. શ્રી નથવાણીએ પાવર, ગેસ, ટેલીફોન સેક્ટર વિગેરેની માફક એક વિશેષ નિયમન તંત્ર રચવા માગ કરી છે જે સમયાંતરે વિવિધ માર્ગોનાં ભાડાંની વધ-ઘટ ઉપર દેખરેખ રાખે.*

★ ★ ★